# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર
ACCREDITED GRADE "A" BY NAAC (CGPA 3.28)
## માહિતી અને જનસંપર્ક વિભાગ
Website : www.ayurveduniversity.edu.in Email : pro@ayurveduniversity.com ફોન : 0288-2556852

અખબારી યાદી નં. ૦૫

## વિષય:-નિયત પ્રક્રિયા દ્વારા એડમીશન મેળવવા અપીલ.

હાલમાં આયુર્વેદાચાર્ય (બી.એ.એમ.એસ.) ના અભ્યાસ માટે વર્ષ – 2023 – 24 ના પ્રથમ વર્ષમાં પ્રવેશ અંગેની અંતિમ તબકકાની કાર્યવાહી ચાલી રહેલ હોય, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર સંલગ્ન ગુજરાત રાજયની આયુર્વેદ કોલેજોમાં પ્રવેશ મેળવેલ કે મેળવવા માંગતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને જાણ કરવાની કે, દરેક વિદ્યાર્થીએ સેન્ટ્રલ એડમીશન કમિટિ, ગુજરાત સરકાર તથા NCISM, NEW DELHI ના પ્રવર્તમાન નિયમાનુસાર જ પ્રવેશ મેળવવાનો રહેશે. પ્રવેશ અંગેની જરૂરી ધારા – ધોરણોની ખાતરી કરી લેવાની રહેશે. આમ છતાં, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર સંલગ્ન કોલેજ દ્વારા નિયમ અનુસાર પ્રવેશપાત્ર ન હોવા છતાં પ્રવેશ આપવામાં આવશે તો યુનિવર્સિટી દ્વારા આવા વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ કરવામાં આવશે નહીં. ભૂતકાળમાં યુનિવર્સિટી સંલગ્ન – (1) અનન્યા કોલેજ ઓફ આયુર્વેદ – કલોલ (2) ભાગર્વા આયુર્વેદ કોલેજ – દહેમી (3) ઇન્ડીયન ઇન્સ્ટીટયૂટ ઓફ આયુર્વેદ – ઇશ્વરીયા – રાજકોટ (4) બી. જી. ગેરૈયા આયુર્વેદ કોલેજ – રાજકોટ (5) ગ્લોબલ ઇન્સ્ટીટયૂટ ઓફ આયુર્વેદ – રાજકોટ (6) જય જલારામ આયુર્વેદ કોલેજ – શિવપુરી, ગોધરા જેવી સેલ્ફ ફાયનાન્સ કોલેજોએ વર્ષ – 2019-20 માં કુલ-49 વિદ્યાર્થીઓને પ્રવેશ માટેના ધારાધોરણો ધ્યાને લીધા વગર પ્રવેશ આપવામાં આવેલ. તે સંદર્ભે 49 વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટીમાં તેમનો પ્રવેશ માન્ય થવા તેમજ એનરોલમેન્ટ થવા હેતુ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં કેસ ફાઇલ કરેલ. નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા તાજેતરમાં આવેલ ચુકાદા અનુસાર નામદાર કોર્ટે પણ કુલ-49 વિદ્યાર્થીઓને અપાયેલ પ્રવેશ અમાન્ય ઠેરવેલ છે. આથી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર સંલગ્ન આયુર્વેદ કોલેજોમાં પ્રવેશ લેતા / મેળવતા / પહેલાં વિદ્યાર્થીએ કે તેમના વાલીઓએ તમામ બાબતોની ખાતરી કરી લીધા બાદ જ પ્રવેશ મેળવવો. કોઇ લોભ / લાલચ / પ્રલોભનમાં આવીને પ્રવેશ મેળવવો નહીં તેમ કુલસચિવશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરની અખબારી યાદી દ્વારા જાણ કરવામાં આવે છે.

---

નં.આયુ/યુનિ/માહિતી/૨/૨૦૨૩-૨૪/2360 તારીખ :૧૦/૧૧/૨૦૨૩

પ્રતિ,
તંત્રીશ્રી/પ્રેસ પ્રતિનિધિશ્રી,
મહોદયશ્રી,

આપના સુપ્રસિદ્ધ અખબાર/ચેનલમાં જાહેર જનતાના લાભાર્થે બહોળી પ્રસિદ્ધિ મળે તે હેતુથી ઉપર્યુક્ત અખબારીયાદીને પ્રકાશિત/કરવા વિનંતી.

આભાર સહ,.

આપનો વિશ્વાસુ
HZhala
( એચ.પી.ઝાલા)
નિયામક

1. સર્વે પ્રેસપ્રતિનિધિશ્રીઓ તરફ....ઇમેઇલ ધ્વારા
2. નાયબ માહિતી નિયામકશ્રી, લાલબગંલો, જામનગર (સમાચાર માધ્યમોને મોકલવાની વિનંતી સાથે)
3. સર્વે વિભાગીય વડાશ્રીઓ તરફ...ઇમેઇલ ધ્વારા (આપના વિભાગમાં નોટીસબોર્ડમાં મૂકવાની વિનંતી સૂચના સાથે.)
4. પીપીએસ ટુ વીસી, કુલપતિશ્રી કાર્યાલય (વેબસાઇટ પર પ્રસારિત કરવાની સૂચના સાથે)